---

# ધરમપુરના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ધરમપુર.

---

**ફોજદારી કેસ નં. ૧૪૪૮ / ૨૦૨૬**
**આંક –**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** (૧) યાસીનભાઇ હસનભાઇ ખલીફા,
રહે. માછીવાડ ફળીયા,
તા. ધરમપુર, જિ. વલસાડ.

**ગુન્હોઃ–** જુગારધારાની કલમ– ૧૨(અ) મુજબ..

## :: ચુકા દો ::

**(૧)** આ કામે આરોપીઓ વિરૂદ્ધ જુગારધારાની કલમ– ૧૨(અ) મુજબનો ગુનો ધરમપુર પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ અને ચાર્જશીટ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપીઓ કોર્ટ રૂબરૂ તેમના વકીલશ્રી સાથે હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરી આરોપીઓ ગુન્હો કબુલ કરવા બંધ્ધાયેલ નથી તેમ સમજાવતા છતાં પણ તેઓએ સ્વૈચ્છીક રીતે પોતાનો પ્રથમ ગુનો હોવાનું જણાવેલ અને ગુન્હો કબુલ કરવા અંગેની ગુના કબુલાત પુરસીસ આપેલ તથા પ્લી નોંધેલ જેમાં તેઓએ ગુનો કબુલ રાખેલ જેથી આરોપીઓની સ્વૈચ્છીક કબુલાતને ના માનવાને કોઈ કારણ નથી.

(૩) એ.પી.પી. હાજર છે અને જણાવે છે કે, આરોપીઓ સ્વેચ્છાએ કબુલાત કરતા હોય તેનો પહેલો ગુનો હોય તો તેમને કોઈ વાંધો નથી. વધુમાં જણાવે છે કે, **ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદા**માં નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નક્કી કરેલી ઓછામાં ઓછી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો વાંધો નહી હોવાનું જણાવેલ છે.

(૪) આ કેસની હકીકત, સંજોગો તથા આરોપીઓની કબુલાત જોતાં તે સ્વૈચ્છીક હોવાનું જણાય છે. આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહી કરવા ખાતરી આપતા હોય અને આરોપીઓનો આ પ્રથમ ગુન્હો હોય, ભવિષ્યમાં તેમનાથી આવા પ્રકારનો ગુન્હો નહી થાય તેની તકેદારી રાખવાનું જણાવે છે, વધુમાં, આ કામે ધારાસભાનો કાયદો ઘડવા પાછળનો હેતુ રીફોર્મેટીવ હોય, જે ધ્યાને લેતાં આરોપીઓને ઉપરોક્ત ચુકાદાને ધ્યાને લઈ નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો વાંધો નહી તેવું આ કોર્ટનું માનવું હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**:: હુ ક મ ::**</u>

- આ કામના આરોપીઓને જુગારધારાની કલમ– ૧૨(અ) અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવીને આરોપીને રૂા.૨૦૦/- **(અંકે રૂપિયા બસ્સો પુરા)** નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે અને દંડ ન ભરે તો દિન -૦૭ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.
- આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો મુદામાલ અપીલ સમય વિત્યા બાદ રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો અને બાકીના મુદ્દામાલનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે

છે તથા અન્ય મુદ્દામાલ વાહન કે મોબાઈલ કે અન્ય સાધન કબજે કરેલ હોય તો તે મુદ્દામાલ તેના માલિકની ખરાઇ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે અને જો વચગાળાનો કોઇ હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીઓના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ– ૪૮૧ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.
- હુકમ આજ રોજ તારીખ–૧૧, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : ધરમપુર

**(પારુલ રાજપાલ ધનખડ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ અને
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ
ધરમપુર, વલસાડ.
**જી.જે.૦૧૬૭૧**